વલસાડ પાલિકાના ઉપપ્રમુખ સામે મહિલા ભાજપ સભ્ય ભૂખ હડતાળ પર

જ્યોત્સનાબેન સામે અપમાનજનક શબ્દોનો પ્રયોગ કરાયો હતો

વલસાડઃ વલસાડ નગરપાલિકામાં ભાજપ શાસિત પાલિકાનો અંદરોઅંદરનો અસંતોષ અને વિવાદ હવે ચરમસીમાએ પહોંચી ગયો છે. વલસાડ નગરપાલિકાના વોર્ડ નંબર-૪ ના ભાજપના જ મહિલા સભ્ય જ્યોત્સનાબેન રાઠોડ મોડી રાત્રે નગરપાલિકા સંકુલ ખાતે ભૂખ હડતાળ અને ધરણા પર બેસી જતાં સમગ્ર વલસાડ જિલ્લાના રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે.

મળતી માહિતી મુજબ, વલસાડ નગરપાલિકાના ઉપપ્રમુખ આશુતોષ મિશ્રા દ્વારા સામાન્ય સભા દરમિયાન સભ્ય જ્યોત્સનાબેન સાથે ગેરવર્તણૂક કરી અપમાનજનક શબ્દોનો પ્રયોગ કરવામાં આવ્યો હતો. આદિવાસી મહિલા પ્રતિનિધિનું નગરપાલિકામાં જાહેરમાં અપમાન થતાં તેમણે ચીફ ઓફિસરને લેખિત રજૂઆત કરી કલમ-૩૭ મુજબ શિસ્તભંગના પગલાં લેવા માંગ કરી હતી. ચીફ ઓફિસરને પાઠવેલી નોટિસમાં જ્યોત્સનાબેને ૩ દિવસમાં કાર્યવાહી કરવાની માંગ કરી હતી. જોકે, તંત્ર કે પક્ષ દ્વારા યોગ્ય કાર્યવાહી ન કરાતાં, તેમણે પોતાની ચીમકી મુજબ મોડી રાત્રે જ નગરપાલિકા ખાતે ભૂખ હડતાળ અને ધરણા કાર્યક્રમ શરૂ કરી દીધો છે. સત્તાધારી પક્ષના જ આદિવાસી મહિલા સભ્ય પાલિકાના ચોકમાં મોડી રાત્રે ધરણા પર બેસી જતાં પક્ષના હોદ્દેદારો અને સ્થાનિક નેતાઓમાં દોડધામ મચી ગઈ છે. ભાજપના જ હોદ્દેદારો સામે આ રીતે ખુલ્લેઆમ મોરચો મંડાયા બાદ હવે આ મામલો ગાંધીનગર સુધી પહોંચવાની શક્યતાઓ સેવાઈ રહી છે.

વાપીનો 'વિકાસ નકશો' બનાવવા કવાયત શરૂ

મનપા બન્યા બાદ 81.70 સ્કવેર કિ.મી. ના વિસ્તારમાં રસ્તા તેમજ ઝોન પાડવા માટે આયોજન હાથ ધરાશે

કલેક્ટરના અધ્યક્ષ સ્થાને વાપીમાં ઓપન હાઉસમાં સંસ્થાઓ તેમજ ખેડૂત આગેવાનોના અભિપ્રાય લેવાયા

વાપીઃ વાપી મહાનગરપાલિકા બન્યા બાદ તેની આસપાસના વિસ્તારમાં તેમજ મનપાના વિસ્તારમાં શહેરનો સુનિયોજીત વિકાસ થાય તેના માટે વિકાસ નકશો(ડીપી) બનાવવાની કવાયત હાથ ધરવામાં આવી છે. ગુરુવારે વાપીના રજ્જુ શ્રોફ ઓડિટોરીયમમાં એક ઓપન હાઉસ રાખીને વિકાસ નકશા માટે મોટા ખેડૂતો તેમજ વિવિધ સંસ્થાઓના હિતધારક પ્રતિનિધિ પાસે અભિપ્રાય લેવાયા હતા. વાપી મનપા બન્યા બાદ તેની આસપાસના ગામોને વાપી અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી(વુડા) હસ્તક લઈ તેના સુનિયોજીત વિકાસની યોજના છે. હાલ ટુકવાડાને વાપીના વુડા હસ્તક લઈને તેની સાથે વાપી મનપાના ૧૩ વોર્ડમાં આ વિકાસ નકશો બનાવવાની કવાયત હાથ ધરવામાં આવી છે.

જે વાપીના 2045ના વિઝનને ધ્યાનમાં રાખી બનાવવામાં આવશે. પહેલી જાન્યુઆરી 2025માં વાપી મહાનગરપાલિકા બન્યા બાદ 23-06-2025ના રોજ રાજ્ય સરકારે વાપી અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટીની રચના કરી હતી. જેના અધ્યક્ષ હાલ વલસાડ કલેકટર છે. વાપીમાં ગુરુવારે વિકાસ નકશા માટે અભિપ્રાય લેવા જિલ્લા કલેકટર નિતિન સાંગવાનના અધ્યક્ષ સ્થાને ઓપન હાઉસમાં લગભગ 150થી 200 જેટલા પ્રતિનિધિઓ ઉપસ્થિત રહયા હતા. જેમાં ૧૬થી ૧૭ જેટલા પ્રતિનિધિઓએ તેમની રજૂઆત કરી હતી. હજી વિકાસ નકશા માટે એક સપ્તાહમાં લેખિત અભિપ્રાય આપી શકાશે. ત્યાર બાદ વાપીના વિકાસ નકશા માટે મુસદ્દો તૈયાર કરવામાં આવશે. અભિપ્રાયો ગ્રાહ્ય રાખવા જેવા લાગશે તો તેનો સમાવેશ થઈ શકે છે. આ વિકાસ નકશો આગામી દસ વર્ષના વિકાસને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવશે. ૧૦ વર્ષ પછી ફરી ડીપી બનશે. જેનું વિઝન 2045ને ધ્યાનમાં રાખી થશે. આ ઓપન હાઉસમાં વાપી મનપા કમિશનર એન.એફ.ચૌધરી, મેયર દક્ષાબેન, ડે.મેયર મિતેશભાઈ દેસાઈ, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન સતિષભાઈ પટેલ, ટીપી કમિટીના ચેરમેન મિત્તલબેન શાહ, ટાઉન પ્લાનર અમિતભાઈ રાણા, જૂનિયર ટાઉન પ્લાનર કલ્પેશભાઈ શાહ તેમજ ચેતનભાઈ મહેતા સહિત આ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા.

વાપીના ડીપીમાં નોન ટીપી એરિયામાં 40 કપાત ન રાખો

બેઠકમાં મોરાઇના બિલ્ડર વિજયભાઇ દેસાઇએ જણાવ્યું હતું કે મોરાઇ,વટાર,કુંતા વિસ્તારમાં થોડા વર્ષોમાં ઇન્ડસ્ટ્રિયલ ગ્રોથ થયો છે. ગુજરાત સરકારની નવી ઉદ્યોગ પોલીસીને ધ્યાનમાં લઇને ડીપી તૈયાર કરવાનું સૂચન કર્યુ હતું. જ્યારે કમલભાઇ દેસાઇએ રજુઆત કરી હતી કે નોન ટીપી એરિયામાં 40 કપાત યોગ્ય નથી. વાપી ક્રેડાઇના સેક્રેટરી જગદીશભાઇ ભાટુએ જણાવ્યું હતું કે જુના રેકોર્ડ અને જૂના ગામ નકશાના આધારે ડીપી બનવો જોઇએ.

શહેરનો વિકાસ નકશો કેવો બને તેના માટે મથામણ

વાપી મનપાના તેર વોર્ડ જેમાં ૧૧ ગામોનો સમાવેશ થયો છે તેનો 72.74 સ્કેવરકિલો મીટર તેમજ ટુકવાડાનો વિસ્તાર મળીને વુડા વિસ્તારનો 81.70 સ્કેવર કિલો મીટરના વિસ્તારનો વિકાસ નકશો બનશે. જેમાં રસ્તા તેમજ ઝોન સહિતનું આયોજન હાથ ધરાશે. વાપી પાલિકા વિસ્તારમાં જે એક ટીપી બની હતી તેને પણ હવે આ વિકાસ નકશામાં સમાવીને નવેસરથી બધી ટીપીની રચના થશે. ઓપન હાઉસમાં વાપીના છેલ્લા ૨૦ વર્ષમાં થયેલા ગ્રોથને લઇને પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું.

વાપી છીરીમાં નજીવી બાબતે પડોશીઓ વચ્ચે મારામારી

વાપીઃ વાપી ડુંગરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ છીરી હીરાનગરના આર.બી. બિલ્ડિંગમાં રહેતી રાજેશ્રીદેવી રામભવન યાદવ (ઉં.વ.૪૧) પર પાડોશીઓ દ્વારા હુમલો કરાયો હતો. બિલ્ડિંગમાં રહેતી એક યુવતીના પ્રેમસંબંધની બાબતને લઈને બંને પરિવાર વચ્ચે અગાઉ બોલાચાલી થઈ હતી, જેનું સમાધાન થયું હતું. દરમિયાન, રાજેશ્રીદેવીની દીકરી ઘરના ઓટલા પર ઝાડુ મારી રહી હતી ત્યારે સાનિયા સદ્દામહુસેન ખાતુન ત્યાં આવી પહોંચતા બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. ઉશ્કેરાયેલી સાનિયાએ તેના પરિવારજનોને બોલાવી લીધા હતા. બાદમાં સાનિયા, તેની માતા શબનમ, રૂકસાર અને શાહબુદ્દીન મોહમદનઈમ મીયાએ ભેગા મળી રાજેશ્રીદેવીને માર માર્યો હતો. રાજેશ્રીદેવીએ વાપી ડુંગરા પોલીસ મથકે ચારેય વિરુદ્ધ સત્તાવાર ફરિયાદ નોંધાવી છે.

સંક્ષિપ્ત સમાચાર

ડાંગનાં સંતોકબા ધોળકિયા વિદ્યામંદિર વિદ્યાર્થીઓએ સર્જી અનોખી સિદ્ધિ

સાપુતારાઃ ડાંગ જિલ્લાના માલેગામ ખાતે કાર્યરત પ્રયોશા પ્રતિષ્ઠાન સંસ્થા સંચાલિત સંતોકબા ધોળકિયા વિદ્યામંદિરના એક સાથે ૧૦ વિદ્યાર્થીઓએ MBBSમાં પ્રવેશ મેળવ્યો છે, જ્યારે ૩ વિદ્યાર્થીઓએ SVNIT, સુરત ખાતે પ્રવેશ મેળવી શાળાનું, ડાંગ જિલ્લાનું તથા સમગ્ર આદિવાસી સમાજનું ગૌરવ વધાર્યું છે. આ ગૌરવપૂર્ણ સિદ્ધિને બિરદાવવા તા. ૧૧ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ગાંધીનગર ખાતે વિદ્યાર્થીઓએ રાજ્યના મુખ્યમંત્રી સહિત મહાનુભાવોની શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન ડાંગના ધારાસભ્ય તથા ગુજરાત વિદ્યાનસભાના નાયબ મુખ્ય દંડક વિજયભાઈ પટેલ, સંસ્થાના પ્રેરક પી.પી. સ્વામીજી તથા શૈક્ષણિક કોર્ડિનેટર સવજીભાઈ પટેલ વિદ્યાર્થીઓ સાથે ઉપસ્થિત રહ્યા હતા. દરમિયાન રાજભવન ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી દ્વારા વિદ્યાર્થીઓનું આત્મીય સ્વાગત કરી તેમને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

વાંસદા-ચીખલી સ્ટેટ હાઈવે પર બે કાર અને બાઈકનો ટ્રિપલ અકસ્માત

વાંસદાઃ વાંસદાના પ્રતાપનગર ગામ નજીક વાંસદા-ચીખલી સ્ટેટ હાઈવે પર બે કાર અને બાઈક વચ્ચે ટ્રિપલ અકસ્માત સર્જાતા બાઈકચાલકને પગમાં ફ્રેક્ચર થયું હોવાનું જાણવા મળ્યું હતું. મારુતિ બ્રેઝા કાર ડિવાઈડર પાસેથી ટર્ન લઈ રહી હતી તે દરમિયાન ત્યાંથી પસાર થઈ રહેલી બાઈક તેની સાથે અથડાઈ હતી. બાઈક અથડાયા બાદ બ્રેઝા કાર સામેથી આવી રહેલી આઈ-20 કાર સાથે અથડાતા અકસ્માત વધુ ગંભીર બન્યો હતો. ઇજાગ્રસ્ત બાઈકચાલકને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

કપરાડાની વિદ્યાર્થિનીને યુનિ.ની અંગ્રેજીની પરીક્ષામાં ગોલ્ડ મેડલ

વલસાડઃ કપરાડા સ્થિત સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજની વિદ્યાર્થિની પૂનમ રાજપુરોહિતે યુનિવર્સિટી પરીક્ષામાં કોલેજના તૃતીય વર્ષ બી.એ. (અંગ્રેજી મુખ્ય વિષય)ની પરીક્ષામાં યુનિવર્સિટીમાં અંગ્રેજી વિષયમાં પ્રથમ સ્થાન મેળવી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી કોલેજ, પરિવાર અને કપરાડા તાલુકાનું નામ ગૌરવભેર રોશન કર્યું છે. તેમની આ સિદ્ધિને લઈ સ્ટુડન્ટ ઓફ ધ યર 2025-26" તરીકે પણ પસંદગી કરવામાં આવી છે. ઉપરાંત પૂનમ રાજપુરોહિતે Minor-VI : Sanskrit - VI વિષયમાં 44.00/50.00 ગુણ સમગ્ર યુનિવર્સિટી કક્ષાએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે. તે જ રીતે, કોલેજની અન્ય તેજસ્વી વિદ્યાર્થીની અવતાર અનિતાએ Minor-VI : Sociology વિષયમાં 44.00/50.00 ગુણ સાથે સમગ્ર યુનિવર્સિટી કક્ષાએ પ્રથમ ક્રમ હાંસલ કર્યો છે. કોલેજના આચાર્ય મનોજકુમાર પી. પટેલ, અધ્યાપકગણ તથા સમગ્ર કોલેજે વિદ્યાર્થિનીઓને અભિનંદન પાઠવી શુભેચ્છાઓ પાઠવી છે.

ચીખલીના ખુંધ પોંકડા ગામની ૧૨ વર્ષીય યાત્રી પટેલ સ્કેટિંગમાં ઝળકી

ચેજ: નવસારીના બાજપાઇ ગાર્ડન ખાતે યોજાયેલી SGFI-૨૦૨૬ જિલ્લા કક્ષાની સ્કેટિંગ સ્પર્ધામાં ચીખલીના સમરોલી સ્થિત શ્રી સ્વામિનારાયણ ઇન્ટરનેશનલ ગુણાતીત વિદ્યાદામમાં ધોરણ-૭માં અભ્યાસ કરતી યાત્રી સંદિપભાઈ પટેલે અન્ડર-૧૪ ગર્લ્સ વિભાગમાં ૫૦૦ મીટર રેસમાં પ્રથમ ક્રમ (ગોલ્ડ મેડલ), ૧૦૦૦ મીટર રેસમાં પ્રથમ ક્રમ (ગોલ્ડ મેડલ) મેળવીને ડબલ ગોલ્ડ સાથે બેવડી સિદ્ધિ હાસલ કરી હતી. યાત્રી પટેલને ટ્રેનિંગ કોચ બાદલ ટંડેલે આપ્યું હતું.

ક્વીઝ સ્પર્ધામાં વાપીની શ્રી.એલ.જી હરિયા મલ્ટી પર્પઝ સ્કૂલની સફળતા

વાપીઃ આશાધામ સ્કૂલ વાપી દ્વારા આયોજિત 25મી ઇન્ટરસ્કૂલ ક્વિઝ સ્પર્ધામાં વલસાડ, દમણ અને સેલવાસ મળીને કુલ 30 સ્કૂલોએ ભાગ લીધો હતો. જેમાં શ્રી એલ.જી. હરિયા મલ્ટી પર્પઝ સ્કૂલના ત્રણે ત્રણ ગ્રુપમાં વિદ્યાર્થીઓએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કરીને ચેમ્પિયનશિપનું ટાઈટલ પ્રાપ્ત કર્યું છે. શાળાના ગૌરવશાળી વિદ્યાર્થીઓમાં ગ્રુપ 1- માસ્ટર જેમીન ભદેજા- ધોરણ 6 અને માસ્ટર હેરંબ શર્મા ધોરણ 7, ગ્રુપ 2- માસ્ટર પ્રયાગ કુલકર્ણી ધોરણ 9 અને માસ્ટર અનમોલ શ્રીવાસ્તવ ધોરણ 10,ગ્રુપ 3- માસ્ટર રીસી મિશ્રા ધોરણ 11 અને માસ્ટર યુવરાજસિંહ ધોરણ 12, ત્રણે ત્રણ ગ્રુપના વિદ્યાર્થીઓએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી શાળાનું નામ રોશન કર્યું છે. શ્રી કૌશિક હરિયા એજ્યુકેશનલ ફાઉન્ડેશનના ચેરમેન એ. કે. શાહ અને મેનેજિંગ ટ્રસ્ટી બિમલ હરિયા અને શાળાના આચાર્યા બીન્ની પોલ તથા સ્ટાફ વતી અભિનંદન પાઠવ્યા હતાં.

નાનાપોંઢા તા.પં. ની ખાસ સામાન્ય સભામાં વિકાસલક્ષી કામોની ચર્ચા

વલસાડઃ નાનાપોંઢા તાલુકા પંચાયતની સામાન્ય સભા પ્રમુખ મનીષાબેન પટેલની અધ્યક્ષતામાં પંચાયત હોલમાં મળી હતી. જેમાં વિકાસલક્ષી કામો, સરકારની યોજનાઓની ગ્રાન્ટ, કામોની ફાળવણી સહિતના મુદ્દાઓ ચર્ચામાં લેવાયા હતા. સૂત્રોના જણાવ્યા મુજબ, સામાન્ય સભામાં પ્રમુખ મનીષાબેન પટેલે નાનાપોંઢા તાલુકામાં 16મા નાણાં પંચના નાણાનું આયોજન, ગત સમિતિઓની કાર્યવાહીને બહાલી, ગત સભાની કાર્યવાહીને બહાલી, સરકારની વિવિધ યોજનાઓની જાણકારી આપી સભ્યોને તેમના કામોનું આયોજન વહેલી તકે આપી દેવા જણાવ્યું હતું. તો અધિકારીઓએ કામોનું ડુપ્લિકેશન ન થાય તે વિશે જાગૃત રહેવું. કરાર આધારિત કર્મચારી રાખી શકાશે નહી, વાહનો ખરીદી કરી શકાશે નહી, જિલ્લા તાલુકા પંચાયતની કામો ઓછામાં ઓછા 6 લાખનું કામ કરી શકાશે, ઓછું નહીં તેવું સૂચન કર્યું હતું.

બે વર્ષથી બાકી મહેનતાણા મુદ્દે આશા વર્કરોનો મોરચો

વલસાડ ડીડીઓને આવેદનપત્ર આપી તાત્કાલિક ચૂકવણી કરવા ઉગ્ર માંગ કરી

વલસાડઃ વલસાડ જિલ્લાના વિવિધ તાલુકાઓ અને અંતરિયાળ વિસ્તારોમાં આરોગ્ય ક્ષેત્રે પાયાની અને નિષ્ઠાપૂર્વકની સેવા આપતી આશા વર્કર બહેનો છેલ્લા ૨ વર્ષથી પોતાના હક્કના મહેનતાણાથી વંચિત હોવાનો ગંભીર મુદ્દો સામે આવ્યો છે. આ અંગે મહિલા શકિત સેનાના પ્રમુખ ચંદ્રિકા સોલંકી દ્વારા જિલ્લા વિકાસ અધિકારી અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીને આવેદનપત્ર પાઠવીને તાત્કાલિક ચૂકવણી કરવાની માંગ કરવામાં આવી છે.

આવેદનપત્રમાં જણાવાયું છે કે, કપરાડા અને પારડીની આશા વર્કર બહેનો કોઈપણ સમયની મર્યાદા વિના દિવસ-રાત કામગીરી કરે છે. છતાં છેલ્લા બે વર્ષથી તેમની પ્રોત્સાહક રકમ અને મહેનતાણું ચૂકવવામાં આવ્યું નથી. ખાસ કરીને વલસાડના ડુંગરાળ અને આર્થિક રીતે પછાત વિસ્તારોમાં સેવા આપતી આશા વર્કરોની સ્થિતિ ખૂબ જ કફોડી બની છે. તંત્ર દ્વારા અગાઉ ગ્રાન્ટ આવી નથી તેવો જવાબ આપવામાં આવતો હતો, પરંતુ આવેદનમાં સવાલ ઉઠાવવામાં આવ્યો છે કે, જો કામગીરીનો ડેટા સમયસર માંગવામાં આવતો હોય તો વળતર આપવામાં વિલંબ શા માટે? વલસાડ જિલ્લાની તમામ આશા વર્કર બહેનોનું છેલ્લા ૨ વર્ષનું બાકી મહેનતાણું અને પ્રોત્સાહક રકમ તાત્કાલિક ચૂકવવામાં આવે. ભવિષ્યમાં આવી બાકીદારી માટે નિયમિત માસિક ચૂકવણીની કાયમી વ્યવસ્થા ઊભી કરવામાં આવે. તંત્ર દ્વારા સત્વરે અને હકારાત્મક નિર્ણય લેવામાં આવે.

મોગરાવાડીમાં વલસાડ CEOનો લાઈટ કાપવાનો ઓર્ડર 'નકલી'

અક્ષરધામ સોસાયટીના રહીશોએ લગાવેલી સ્ટ્રીટ લાઈટ્સ કાપવા અજાણ્યા શખ્સો પહોંચ્યા

બીજા દિવસે પાલિકાને રજૂઆત કરવા જતાં કારસાનો ભાંડો ફૂટ્યો

તાત્કાલિક લાઈટ ચાલુ કરવાનો આદેશ

સમગ્ર સત્ય સામે આવતા જ CEO એ ક્ષણનો પણ વિલંબ કર્યા વિના કડક વલણ અપનાવ્યું હતું. તેમણે લાઈટ કાપવા ગયેલી ટીમ અને જવાબદારોને તાત્કાલિક ધોરણે સોસાયટીમાં મોકલી, કાપી નાખેલી તમામ લાઈટો ફરીથી યથાવત રીતે ચાલુ કરી દેવાનો સ્પષ્ટ અને કડક હુકમ કર્યો હતો.

વલસાડઃ વલસાડ શહેરના મોગરાવાડી વિસ્તારમાં આવેલા અક્ષરધામ સોસાયટીમાં એક અત્યંત ચોંકાવનારો અને ગંભીર કિસ્સો સામે આવ્યો છે. અહીં નગરપાલિકાના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (CEO) ના નામે ખોટો આદેશ બતાવીને સોસાયટીના રહીશોની સુરક્ષા માટે મુકાયેલી સ્ટ્રીટ લાઈટો કાપી નાંખવાનો નિષ્ફળ પ્રયાસ કરવામાં આવ્યો હતો. સ્થાનિક રહીશોની સતર્કતા અને પાલિકા કચેરીએ કરેલી આક્રમક રજૂઆતને પગલે આ સમગ્ર બોગસ ખેલનો ભાંડો ફૂટ્યો છે.

વલસાડ મોગરાવાડી અક્ષરધામ સોસાયટીની પાછળના ભાગે આવેલી સુરક્ષા દીવાલ લાંબા સમયથી તૂટેલી હાલતમાં છે. આસપાસના ખુલ્લા અને ઝાડી-ઝાંખરાવાળા વિસ્તારમાંથી સોસાયટીમાં અવારનવાર સાપ, અજગર તેમજ અન્ય ઝેરી અને જંગલી જીવજંતુઓ ઘૂસી આવતા હતા. આ ભયજનક પરિસ્થિતિમાંથી પોતાની અને પરિવારની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સોસાયટીના રહીશોએ એકઠા થઈને પોતાના ખર્ચે અને પ્રયાસોથી સ્ટ્રીટ લાઈટો લગાવી હતી, જેથી રાત્રિના સમયે પૂરતો પ્રકાશ રહે અને ઝેરી જીવોથી બચાવ થઈ શકે.

દરમિયાન, કેટલાક અજાણ્યા શખ્સો સોસાયટીમાં આવી પહોંચ્યા હતા અને લાઈટો કાપવાની કામગીરી શરૂ કરી દીધી હતી. જ્યારે સોસાયટીના સ્થાનિકોએ આ અંગે પૂછપરછ કરી, ત્યારે આ શખ્સોએ નગરપાલિકાના CEO નો કડક ઓર્ડર છે તેવું બહાનું બતાવીને લાઈટો કાપવાનો દાવો કર્યો હતો. આ સાંભળીને સ્થાનિકોમાં આશ્ચર્ય સાથે ભારે રોષ વ્યાપી ગયો હતો.

પોતાની સુરક્ષા છીનવાતી જોઈને સોસાયટીના પુરુષો અને મહિલાઓ મોટી સંખ્યામાં તાત્કાલિક એકઠા થઈ ગયા હતા અને લાઈટો કાપવા આવેલા લોકોને અટકાવ્યા હતાં. ત્યારબાદ આજે સવારે જ અક્ષરધામ સોસાયટીના રહીશોનું એક મોટું મંડળ વલસાડ નગરપાલિકા કચેરી પહોંચી ગયું હતું અને CEOને રૂબરૂ મળીને કડક શબ્દોમાં રજૂઆત કરી હતી. જ્યારે રહીશોએ સમગ્ર ઘટના અંગે CEO સમક્ષ વિગતવાર વાત મૂકી, ત્યારે નગરપાલિકા તંત્ર ચોંકી ઊઠ્યું હતું. CEO એ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, નગરપાલિકા દ્વારા આવી લાઈટો કાપવાનો કોઈ જ સત્તાવાર કે મૌખિક આદેશ આપવામાં આવ્યો નથી. કોઈ અંગત સ્વાર્થ કે અંજપો ધરાવતી વ્યક્તિએ પાલિકાના નામે ખોટી અરજી કરીને આ કારસો રચ્યો હતો.

ગૂગલ પરથી કાર, વેપારીઓની માહિતી મેળવી ચોરી કરતી આંતરરાજ્ય ગેંગ

વલસાડ LCBએ બે આરોપીને રૂ.8.45 લાખના મુદ્દામાલ સાથે ઝડપી પાંચ ગુનાનો ભેદ ઉકેલ્યો

વલસાડઃ વલસાડ લોકલ ક્રાઇમ બ્રાન્ચે ઉમરગામમાંથી આંતરરાજ્ય ગેંગના બે આરોપીઓને ઝડપી પાડ્યા છે. આરોપીઓ મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાં કારની ચોરી કર્યા બાદ રાત્રિના સમયે દુકાનો અને ગોડાઉનમાં ઘરફોડ કરી સિગારેટની ચોરી કરતાં હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. પોલીસે બંને પાસેથી કુલ રૂ.8.45 લાખનો મુદ્દામાલ કબજે કરી પાંચ વણઉકેલાયેલા ગુનાનો ભેદ ઉકેલ્યો છે.

LCBની ટીમે ઉમરગામ ખાતે રામપાલ ઉર્ફે રામા ચૌધરી (ઉં.33, મૂળ રાજસ્થાન, હાલ પુણે) અને મોહમદ રેહાન ઉર્ફે રાજા ઠાકુર ઉર્ફે રાજુ મરાઠે આફતાબ શેખ (ઉં.51, મુંબઈ) ને ઝડપી લીધા હતા. આરોપીઓએ બે મહિના પહેલાં મધ્યપ્રદેશના ઉજ્જૈનમાં મહેશ્વરી નામની સિગારેટ એજન્સીમાંથી રાત્રિના સમયે રૂ.15 લાખની સિગારેટનો જથ્થો ચોરી કર્યો હોવાનું જણાવ્યું હતું. આ ચોરી માટે તેમણે પહેલા ઉજ્જૈનમાંથી XUV-500 અને મંદસૌરના દલોદા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી XUV-300 કાર ચોરી હતી. આ ઉપરાંત આશરે ચાર મહિના પહેલાં મહારાષ્ટ્રના પુણે ગ્રામ્યના સાસવડ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ટાટા અલ્ટ્રોઝ કાર તેમજ પિંપરી-ચિંચવડના ભોસરી MIDC વિસ્તારમાંથી કારની નંબર પ્લેટ ચોરી કર્યાની કબૂલાત પણ સામે આવી છે. આ કેસમાં મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રના કુલ પાંચ ગુનાઓનો ભેદ ઉકેલાયો હોવાનું પોલીસે જણાવ્યું છે. પકડાયેલા આરોપીઓ સામે અગાઉ પણ ગુજરાત, મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં ઘરફોડ તથા વાહન ચોરીના ગુનાઓ નોંધાયેલા હોવાનું પોલીસ રેકોર્ડમાં સામે આવ્યું છે. જેમાં વલસાડ રૂરલ, ઉમરગામ, વાપી ટાઉન અને વાપી GIDC પોલીસ મથકના ગુનાઓનો પણ સમાવેશ થાય છે.

પોલીસ મુજબ આરોપીઓ ITC એજન્સીના સિગારેટના હોલસેલ વેપારીઓ અંગે ગૂગલ પર માહિતી શોધતા હતાં. કાર ચોરી કરવા માટે સેકન્ડ હેન્ડ કારની લે-વેચ કરતા એજન્ટોની પણ દિવસ દરમિયાન રેકી કરતા અને રાત્રે દુકાનનું શટર તોડી કારની ચાવી મેળવી બહાર વેચાણ માટે મૂકેલી કાર ચોરી જતા હતાં. ચોરીની કારનો ઉપયોગ સિગારેટ ચોરીમાં કર્યા બાદ તેને બિનવારસી હાલતમાં છોડી દેતાં હતાં.

પારડીમાં કારના ચોરખાનામાં દારૂ લઈ જતાં સુરતનાં માતા-પુત્રી ઝડપાયાં

પારડીઃ માતા-પુત્રી કારમાં સ્પેશિયલ ખાના બનાવી દારૂની હેરાફેરી કરતાં પોલીસે ધરપકડ કરી છે. પારડી નેશનલ હાઈવે-48 સ્થિત શ્રીનાથ હોટેલ સામે વાહનચેકિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે, વેગનઆર કાર ન. જી.જે. 05 જે.એસ. 2657 ને અટકાવવામાં આવી હતી. જેમાં તપાસ કરતા ડેશબોર્ડ, દરવાજા, સીટ નીચે બનાવેલ ચોર ખાનામાંથી દારૂ તથા બીયરના 127 ટીન અને બોટલો મળી આવ્યા હતાં. જેની કિંમત રૂ. 55,530 નો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે કાર, મોબાઈલ, દારૂનો જથ્થો સહિત કુલ રૂ.2.61 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો અને સુરતના જહાંગીરપુરા રહેતી મોહિની (ઉં.વ.25) અને તેની માતા હંસાબેન સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી ધરપકડ કરી હતી.

ઉમરગામમાં નકલી ફૂડ ઈન્સ્પેક્ટર દુકાનદારના 37,000 પડાવી ગયો

નાસ્તાની દુકાનની આજુબાજુ ગંદકી રાખો છો, તેલ ગંદું છે, કહી કેસ કરવાની ધમકી આપી હતી

ઉમરગામઃ ઉમરગામ ગોકુળધામ ચોરસીયાની બિલ્ડિંગની બાજુમાં રહેતા ફરિયાદી શૈલેન્દ્ર કમલેશ પ્રસાદ ઉત્તમ (ઉં.વ.45) બિલ્ડિંગમાં રાજુ વડાપાવની નાસ્તાની દુકાન ચલાવે છે. તારીખ 28/7/2026 ના રોજ એક શખ્સે વલસાડ ફૂડ ઈન્સ્પેક્ટર હોવાની ઓળખ આપી કહ્યું કે તમારી દુકાનની આજુબાજુ ખૂબ ગંદકી રાખો છો અને તેલ પણ ગંદુ વાપરો છો. તમારી ઉપર કેસ કરવો પડશે એમ કહી ઉપરા છાપરી તમાચા મારી દીધા હતા અને કેસ ન કરવાનો હોય તો રૂ.1,00,000 આપવા પડશે તેમ જણાવ્યું હતું. ગભરાઈ ગયેલા શૈલેન્દ્રએ મિત્રો પાસેથી નાંણા લઈ કુલ 37,000 તેને ફૂડ ઈન્સ્પેક્ટરને આપી દીધા હતા. ડરી ગયેલા દુકાનદારે આ વાત કોઈને પણ કહી ન હતી. પરંતુ સંજાણ વિસ્તારમાં લોકો પાસેથી બળજબરીથી પૈસા પડાવતો હોવાની હકીકત તેને જાણવા મળતા આખરે આ બનાવ અંગે ઉમરગામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

પેપર પ્રસિધ્ધી

મે. નવસારીના ચીફ. જ્યુડી. મેજી. અને એડી. સીની. સિવિલ જજ સાહેબની કોર્ટમાં , મુ. નવસારી.

અરજદાર :-
શીલાબેન બકુલભાઈ દેસાઈ
ઉ.આ.વ.૭૧,ધંધો:-ગૃહીણી,
રહે:-બાલાજી નિવાસ કો.ઓ.હા.સો.
ટાટા બિલ્ડીંગની સામે,
ઠાકોરવાડી પાસે, સ્ટેશન રોડ, નવસારી,

સીવીલ પરચુ. અરજી (સકશેસન સર્ટી) નંબર: ૨૯/૨૦૨૬
ઠરાવ તારીખ: ૩૧/૦૮/૨૦૨૬
આંક-૬

વિરૂધ્ધ — વિ.વ.શ્રી. એન. એફ. શાહ

સામાવાળા: અનિતાબેન અરવિંદભાઈ દેસાઈની પુત્રી
તે અશોકકુમાર તનેજાની પત્નિ, ઉ.આ.વ.૭૨,ધંધો:-ગૃહીણી
રહે:- સી ૬/૯ સફદરજંગ દેવ એરીયા, હોઝ ખાસ, દક્ષિણ દિલ્હી, દિલ્હી-૧૧૦૦૧૬

આથી આ પેપર પ્રસિધ્ધી આપી જણાવવાનું કે, ઉપરોકત વારસાઈ પરચુરણ અરજના અરજદારના સાસુ અને સામાવાળા ના માતા મરહૂમ અરૂણાબેન અરવિંદભાઈ દેસાઈનાઓનુ અવસાન તા.૬/૪/૨૦૧૫ ના રોજ અને અરજદારના પતિ અને સામાવાળાના ભાઈ મર